**જાહેરનામું**

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૯ /૨૦૨૦

તા. ૪ /૧/૨૦૨૦

હું, આશીષ ભાટિયા, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અ.મ્યુ.કો., અમદાવાદ દ્વારા સાબરમતી રીવરફ્રન્ટ ખાતે ફલાવર શૉ તથા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૦ ના આયોજન સંદર્ભે જાહેર વ્યવસ્થા જાળવવા અને વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આવેલ સાબરમતી પશ્ચિમ રીવરફ્રન્ટના ગુજરાતી સાહિત્ય પરીષદ ટી થી વર્ષા ફ્લેટ ચાર રસ્તા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે તા.૪/૧/૨૦૨૦ થી તા.૧૯/૧/૨૦૨૦ સુધી દિવસ દરમિયાન સવાર કલાક ૯.૦૦ થી ૨૨.૦૦ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**વૈકલ્પીક માર્ગ :** વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રીજ થઇ પાલડી ચાર રસ્તા (આશ્રમ રોડ) સુધીના માર્ગ ઉપર અવર-જવર કરી શકાશે.

**જાહેરનામામાંથી મુક્તિપાત્ર વાહનો :** આ જાહેરનામું સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો તેમજ સરકારી, ફાયર બ્રિગ્રેડ,એમ્બ્યુલન્સનાં વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૪/૧/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૪/૧/૨૦૨૦
અમદાવાદ શહેર

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.
 રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર
(૭) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :**

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨,ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ......................................... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.